RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 265, Dt.28-12-2023 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઝોમેટોને રૂ.૪૦૨ કરોડ ચુકવવા જીએસટીની નોટીસ

## સરકારી આદેશને પડકારવાની કંપનીની જાહેરાતઃ જીએસટી વિભાગ દ્વારા ગત તા.૨૬ના ઝોમેટોને કારણદર્શક નોટીસ ફટકારાઈઃ ડિલિવરી પાર્ટનર વતી ફૂડ ડિલિવરીનો ચાર્જ વસુલતા હોવાનો દાવો




**મુખ્ય સમાચાર, મુંબઈ**

ઓનલાઇન ગેમીંગ કંપનીઓને કરોડો રૂપિયાની જીએસટી નોટીસના વિવાદ વચ્ચે હવે ફૂડ ડિલીવરી કંપની ઝોમેટોને રૂા. ૪૦૨ કરોડની નોટીસ ફટકારવામાં આવી છે. જોકે કંપની દ્વારા આ નોટીસને પડકારવાનું જાહેર કરવામાં આવ્યું છે.

જીએસટી વિભાગ દ્વારા ૨૬ ડિસે.ના રોજ ઝોમેટોને કારણદર્શક નોટીસ આપવામાં આવી છે. ઓક્ટોબર-૨૦૧૯થી માર્ચ-૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન કંપનીના ઓનલાઇન ફૂડ ડિલીવરી કામકાજમાં જીએસટીની વસુલાત કેમ ન કરવી ? કંપની દ્વારા પણ એકરાર કરવામાં આવ્યો છે કે જીએસટીએ ૪૦૨ કરોડની નોટીસ પાઠવી છે. ગ્રાહકો પાસેથી વસુલેલા ચાર્જ સામે ટેકસ ભરવા આ નોટીસ આપવામાં આવી છે.

ગત નવેમ્બરમાં ડિરેકટોરેટ ઓફ જનરલ ઓફ જીએસટી ઇન્ટેલીજન્સ દ્વારા ઝોમેટો ઉપરાંત સ્વીગીને પણ ૭૫૦ કરોડના જીએસટી ભરવાની નોટીસ ફટકારવામાં આવી છે. ફૂડ ડિલીવરી કંપનીઓ દ્વારા થતી ડિલીવરીમાં વસુલાતા ચાર્જ પર જીએસટી વસુલવાનો થાય છે. કંપનીઓ ગ્રાહકો પાસેથી ચાર્જ વસુલે છે. પરંતુ સરકારને ચૂકવતી નથી.

જોકે કંપનીઓનો એવો દાવો છે કે ડિલીવરી ભાગીદારો વતી આ ચાર્જ વસુલવામાં આવે છે અને તે કરપાત્ર હોતો નથી. ડિલીવરી પાર્ટનર્સ કંપનીને નહીં પરંતુ ગ્રાહકોને જ સેવા પ્રદાન કરતી હોય છે.ઝોમેટો દ્વારા તેમ કહેવામાં આવ્યું છે કે કંપની જીએસટી નોટીસ સામે યોગ્ય જવાબ આપશે.

# કોરોનાએ ફરી પકડી રફતારઃ નવા ૭૦૨ કેસ સામે આવ્યાઃ ૬ના મોત

## ગુજરાતમાં તમામ કોરોનાના દર્દી હોમ આઈસોલેટઃ ચિંતાનો વિષય નથી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં કોરોના રફતાર પકડવા લાગ્યો હોય તેમ દૈનિક નવા કેસોની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે. છેલ્લા ચોવિસ કલાકમાં ભારતમાં કોરોનાના નવા ૭૦૨ કેસ નોંધાયા હતા અને છ લોકોના મોત નિપજ્યા હતા. બીજી તરફ કોવિડના નવા વેરીએન્ટ એવા જેએન-૧ના સૌથી વધુ કેસ ધરાવતા ગુજરાતના તમામ સંક્રમિતો સ્ટેબલ હોવાનું અને હોમ આઇસોલેશનમાં જ હોવાના સંકેત છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના રીપોર્ટમાં જણાવાયા પ્રમાણે ભારતમાં નવા ૭૦૨ કેસ નોંધાયા હતા. છ લોકોના મોત થયા હતા તેમાં મહારાષ્ટ્રમાં બે તથા દિલ્હી-પશ્ચિમ બંગાળમાં એક-એક દર્દીનો સમાવેશ થતો હતો. દિલ્હીમાં લાંબા વખત બાદ ફરી એક વખત કોરોનાની એન્ટ્રી થઇ છે. ૭૦૨ નવા કેસ સામે છેલ્લા ચોવિસ કલાકમાં ભારતમાં ૬૯૨ને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. આ સાથે એક્ટીવ કેસોની સંખ્યા ૪૦૯૭ની થઇ છે. દરમ્યાન કોરોનાના નવા વેરીએન્ટના સૌથી વધુ ૩૬ કેસો ગુજરાતમાં હોવાનું જાહેર થયા બાદ રાજ્ય સરકાર એલર્ટ બની છે અને એમ કહેવાયું છે કે ગુજરાતના તમામ દર્દીઓની હાલત સ્ટેબલ છે એટલું જ નહીં તમામ દર્દી હોમ આઇસોલેટ જ રહ્યા હતા અને કોઇને હોસ્પીટલમાં દાખલ કરવાની જરૂર પડી નહતી.

# ડીમેટ અને મ્યુચ્યુઅલ ફંડમાં નોમીની ઉમેરવાની મુદતમાં છ માસનો વધારો

## ત્રણ વર્ષમાં ડિમેટ ખાતાની સંખ્યા ચાર કરોડથી વધીને ૧૦ કરોડે પહોંચી




**મુખ્ય સમાચાર, મુંબઈ**

શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજી વચ્ચે ઈન્વેસ્ટરો તથા તેમનાં ડીમેટ ખાતાઓની સંખ્યામાં અસામાન્ય વધારો થયો છે.ડીમેટ ખાતામાં 'વારસદાર'ની નિયુકિતનો નિયમ ફરજીયાત બનાવાયો હતો અને તે માટે અપાયેલી ૩૧ મી ડીસેમ્બરની મુદતમાં રાહત આપવામાં આવી છે.સેબી દ્વારા આ મુદત વધારીને ૩૦ જુન ૨૦૨૪ કરી દેવામાં આવી છે.

માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા નવો પરિપત્ર ઈસ્યુ કરવામાં આવ્યો છે. જેમાં ડીમેટ ખાતામાં નોમીનેશન પ્રક્રિયા માટેની મુદત ૩૦ જુન ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.

રજીસ્ટ્રાર તથા ટ્રાન્સફર એજન્ટસનાં રીપોર્ટ પ્રમાણે સપ્ટેમ્બર ૨૦૨૩ ની સ્થિતિએ અંદાજીત ૨૫ લાખ પાન ધારકોએ પોતાના મ્યુચ્યુઅલ ફંડ ફોલીયોમાં નોમીનેશન પ્રક્રિયા કરી ન હતી.

આ પ્રક્રિયા પાછળનો ઉદેશ ઈન્વેસ્ટરોની મૂડી સુરક્ષીત રાખવાનો છે. ખાતા ધારકનાં વારસદારને ભવિષ્યમાં આ મૂડી મેળવવામાં સરળતા રહે અને કોઈ કાનુની અવરોધો ન રહે તે માટે આ નિયમ ઘડવામાં આવ્યો છે. સેબીએ ચોથી વખત આ મુદત વધારો આવ્યો છે. સૌ પ્રથમ ૩૧ માર્ચ ૨૦૨૨ ની મુદત હતી મે પછી બે વખત વધારો કરાયો હતો ભારતમાં ડીમેટ ખાતા ધારકોની સંખ્યા ૧૦ કરોડને પાર થઈ છે જે ૨૦૧૯-૨૦ માં ૪.૧ કરોડ હતી. ત્રણ વર્ષમાં ડીમેટ ખાતાની સંખ્યામાં અઢી ગણો વધારો થયો છે તેના પરથી જ શેરબજારમાં ઈન્વેસ્ટરોના વધેલા રસની સાબીતી છે.

# તમિલ અભિનેતા અને ડીએમડીકેના સ્થાપક વિજયકાંતનું કોરોનાથી નિધન



**મુખ્ય સમાચાર, ચેન્નાઈ (તામિલનાડુ)**

દેશમાં કોરોનાના નવા વેરિએન્ટના કેસો વધી રહ્યા છે ત્યારે કોરોનાએ તમિલનાડુના ફિલ્મ જગતના દિગ્ગજ કલાકાર અને ડીએમડીકે (દેસિયા મુરપોકક, દ્રવિડ કડગમ)ના સંસ્થાપક વિજયકાંતનો ભોગ લીધો છે. તેમનું આજે નિધન થયું છે.

તમિલનાડુ વિધાનસભામાં વિપક્ષના પુર્વ નેતા વિજયકાંતને શ્વાસ લેવામાં તકલીફ થતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેમને વેન્ટીલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા. આ પહેલા તેમને નવેમ્બરમાં તબિયત બગડતા ચેન્નાઈના એમઆઈઓટી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ઉધરસ અને ગળામાં દર્દના કારણે તે ૧૪ દિવસોથી ડોકટરોની દેખરેખ હેઠળ હતા. આજે તેમને અંતિમ શ્વાસ લીધા હતા.

ઉલ્લેખનીય છે કે તમિલ ફિલ્મ જગતના આ દિગ્ગજ કલાકારે પોતાના કરીશ્માઈ પર્ફોર્મન્સથી લાખો લોકોના દિલ જીત્યા હતા. એક રાજનેતા તરીકે લોકોની સેવામાં તે ગાઢ રીતે સંકળાયેલા હતા, તેમના નિધન પર વડાપ્રધાન મોદીએ શોક વ્યક્ત કર્યો હતો.

# સરકાર ફકત રૂા.૨૫ના પ્રતિ કિલો ભાવે ચોખા વેચશેઃ ભારત બ્રાન્ડ હેઠળ દેશભરમાં ઉપલબ્ધ થશે, હાલ ચોખાની સરેરાશ કિંમત ૪૩ રૂા. પ્રતિ કિલો છે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સરકાર હવે ભારત બ્રાન્ડ હેઠળ ૨૫ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ચોખાનું વેચાણ કરશે. ચોખાના ભાવમાં વધારાને નિયંત્રણમાં રાખવા માટે સરકાર આવું કરી રહી છે. સરકાર પહેલેથી જ આ બ્રાન્ડ હેઠળ લોટ અને દાળનું વેચાણ કરે છે. હાલમાં દેશમાં ચોખાની સરેરાશ કિંમત ૪૩ રૂપિયા પ્રતિ કિલો છે.

તે નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (નાફેડ), નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન અને કેન્દ્રીય ભંડાર આઉટલેટ્સ દ્વારા વેચવામાં આવશે. એક સરકારી અધિકારીએ આ માહિતી આપી છે.

૬ નવેમ્બર, ૨૦૨૩ના રોજ, કેન્દ્ર સરકારે ૨૭.૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે પભારત અટ્ટાથ લોન્ચ કર્યું. તે ૧૦ કિલો અને ૩૦ કિલોના પેકમાં ઉપલબ્ધ છે. ઘઉંના વધતા ભાવને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. હાલમાં દેશમાં લોટની સરેરાશ કિંમત ૩૫ રૂપિયા પ્રતિ કિલો છે.

નવેમ્બરમાં અનાજના ભાવમાં ૧૦.૨૭%નો વધારો થયો હતો, જે નવેમ્બરમાં ખાદ્ય ફુગાવાને ૮.૭૦% પર ધકેલ્યો હતો, જે અગાઉના મહિનામાં ૬.૬૧% હતો. તે જ સમયે, ત્રણ મહિનાના ઘટાડા પછી નવેમ્બરમાં છૂટક ફુગાવો વધીને ૫.૫૫% થયો હતો.

ફુગાવાનો વધારો અને ઘટાડો ઉત્પાદનની માગ અને પુરવઠા પર આધારિત છે. જો લોકો પાસે વધુ પૈસા હશે તો તેઓ વધુ વસ્તુઓ ખરીદશે. વધુ વસ્તુઓ ખરીદવાથી વસ્તુઓની માગ વધશે અને જો માગ પ્રમાણે પુરવઠો નહીં મળે તો આ વસ્તુઓની કિંમતમાં વધારો થશે.

આ રીતે બજાર ફુગાવા માટે સંવેદનશીલ બને છે. સરળ શબ્દોમાં કહીએ તો, નાણાંનો વધુ પડતો પ્રવાહ અથવા બજારમાં માલની અછત ફુગાવાનું કારણ બને છે. જ્યારે માંગ ઓછી અને પુરવઠો વધુ હશે તો ફુગાવો ઓછો થશે.

ગ્રાહક તરીકે તમે અને હું છૂટક બજારમાંથી માલ ખરીદીએ છીએ. આને લગતી કિંમતોમાં ફેરફાર દર્શાવવાનું કામ કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ એટલે કે CPI દ્વારા કરવામાં આવે છે. ઈડીઈ એ સામાન અને સેવાઓ માટે અમે જે સરેરાશ કિંમત ચૂકવીએ છીએ તે માપે છે.

ક્રૂડ ઓઈલ, કોમોડિટીના ભાવ, ઉત્પાદિત ખર્ચ ઉપરાંત અન્ય ઘણી બાબતો છે જે છૂટક ફુગાવાના દરને નિર્ધારિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. લગભગ ૩૦૦ વસ્તુઓ એવી છે કે જેના ભાવના આધારે છૂટક ફુગાવાનો દર નક્કી કરવામાં આવે છે.

# પાકિસ્તાન યુદ્ધની તૈયારી કરી રહ્યું હોવાનો દાવો કરતો અહેવાલ

## એરફીલ્ડનો ઉપયોગ ચીન અને તુર્કીથી મંગાવાયેલા વિશેષ હુમલા માટે સક્ષમ ડ્રોન, હેલિકોપ્ટરો માટે થઇ શકે છેઃ પંજાબમાં હવાઈ હુમલા માટે અમૃતસરથી ૬૦ કિમી દૂર પાક. વધુ એક એરબેઝ તૈયાર કરી રહ્યું હોવાના રિપોર્ટ



**મુખ્ય સમાચાર, શ્રીનગર/ ઈસ્લામાબાદ**

પાકિસ્તાન ભારત વિરુદ્ધ યુદ્ધની તૈયારીઓ કરી રહ્યું હોવાના દાવા કરતો એક રિપોર્ટ સામે આવ્યો છે. ભારતની સરહદથી માત્ર ૨૦ કિમી દૂર પાકિસ્તાને નવુ એરફીલ્ડ તૈયાર કરી નાખ્યું છે. આ ઉપરાંત ચીન પાસેથી મેળવવામાં આવેલી એસએચ ૧૫એસપી હોવિત્ઝર તોપ પણ તૈનાત કરવામાં આવી છે. આ એરફીલ્ડ લાહોર પાસે તૈયાર કરવામાં આવ્યું છે. જોકે આ એરફીલ્ડનો ઉપયોગ નાગરિકો માટેની ફ્લાઇટો માટે કરાશે કે સૈન્ય માટે તે અંગે કોઇ સ્પષ્ટતા પાકિસ્તાન દ્વારા નથી કરવામાં આવી. જ્યારે અન્ય એક એરફીલ્ડ પંજાબના અમૃતસરથી માત્ર ૬૦ કિમી દૂર પાક.ના મુદરિકેમાં તૈયાર કરવામાં આવી રહ્યું છે.

પાકિસ્તાનની આ બે હરકતોને કારણે સરહદ પર ચિંતાજનક માહોલ હોવાના અહેવાલો છે. કેમ કે આજે નહીં તો ભવિષ્યમાં ગમે ત્યારે પાકિસ્તાન આ એરફીલ્ડનો ઉપયોગ ભારત વિરોધી હુમલા માટે કરી શકે છે. એવા દાવા પણ થઇ રહ્યા છે કે આ એરફીલ્ડનો ઉપયોગ પાકિસ્તાન સૈન્ય અને એરફોર્સની તાલિમ માટે કરવામાં આવી શકે છે. મોટી ચિંતાજનક વાત એ છે કે આ એરફીલ્ડનો ઉપયોગ હેલિકોપ્ટર, ડ્રોન અને અન્ય યુદ્ધ વિમાનો માટે કરવામાં આવશે. જેમાં ચીન અને તુર્કીથી મંગાવવામાં આવેલા હુમલા માટેના ડ્રોન્સનો પણ સમાવેશ કરાશે. જ્યારે અન્ય એક એરફીલ્ડ અમૃતસરથી ૬૦ કિમી દૂર પાક.માં આવેલા મુદરિકેમાં પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. જેનો ઉપયોગ પણ ભારત વિરુદ્ધ હવાઇ હુમલા માટે થઇ શકે છે.

ચીનથી મંગાવવામાં આવેલી તોબ એસએચ-૧૫એસપીને પણ સરહદ પાસે તૈનાત કરવામાં આવી છે. ૨૫ ટનની આ તોપની લંબાઇ ૨૧ ફૂટની છે, જેને ચલાવવા માટે નવ લોકોની જરૂર પડે છે. જે ૨૦થી ૭૦ ડિગ્રીના એંગલ પર હુમલો કરી શકે છે. સાથે જ ૩૬૦ ડિગ્રી ફરી શકે છે. દર મિનિટ પર ચારથી છ બોમ્બ છોડી શકે છે. જેની રેંજ આશરે ૨૦ કિમીની માનવામાં આવે છે. જોકે રોકેટ અસિસ્ટેડ પ્રોજેક્ટાઇલ લગાવવામાં આવે તો તેની રેંજ ૫૩ કિમી સુધીની થઇ શકે છે. આ અહેવાલો વચ્ચે ૪૦૦ કિમીની રેંજ ધરાવતા ગાઇડેડ મલ્ટી લોન્ચ રોકેટ સિસ્ટમ ફતેહ-૨નું પાકે. સફળ પરીક્ષણ કર્યું છે. અગાઉ ઓગસ્ટ ૨૦૨૧માં ફતેહ-૧નુ પણ પરીક્ષણ કરવામાં આવ્યું હતુ. આ સિસ્ટમથી ૪૦૦ કિમી દૂર કોઇ વિમાન, રોકેટ હોય તો તેને તોડી પાડવામાં સક્ષમ છે. પાકિસ્તાનનો આ અટકચાળો એવા સમયે સામે આવી રહ્યો છે જ્યારે પાકિસ્તાનમાં આગામી વર્ષે સંસદની ચૂંટણી યોજાવા જઇ રહી છે જેમાં સત્તાધારી તેમજ વિરોધીઓ ભારત અને કાશ્મીરનો મુદ્દો વારંવાર ઉઠાવતા આવ્યા છે.

જ્યારે જમ્મુ કાશ્મીરના સાંબા અને પૂંચમાં સૈન્ય દ્વારા સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. છેલ્લા આઠ મહિનામાં આ વિસ્તારમાં બે મોટા આતંકી હુમલા થઇ ચુક્યા છે. આ બન્ને હુમલામાં એક સરખી પેટર્નનો આતંકીઓએ ઉપયોગ કર્યો હતો. આ વર્ષે ૨૦મી એપ્રીલના રોજ આતંકીઓએ સૈન્યના ટ્રક પર ઘાત લગાવીને હુમલો કર્યો હતો. જેમાં પાંચ જવાનો શહીદ થઇ ગયા હતા. જ્યારે બાદમાં ૨૧મી ડિસેમ્બરના રોજ પણ સૈન્યના વાહનોને ઘાત લગાવીને ટાર્ગેટ કરાયા હતા. જેમાં ચાર જવાન શહીદ થઇ ગયા હતા. બન્ને હુમલા સ્થળોની આસપાસ જંગલો છે, હુમલા માટે સ્થળોની પસંદગી બહુ જ સાવધાની પૂર્વક કરવામાં આવી હતી. વાહનોને વળાંક આવે ત્યારે ધીમા કરવામાં આવે છે તેથી એ જ પ્રકારની જગ્યા પસંદ કરવામાં આવી હતી. બન્ને હુમલામાં સ્ટીલ કોર દારુગોળાનો ઉપયોગ કરાયો હતો. હુમલા બાદ જવાનોના હથિયારો લૂંટી લેવામાં આવ્યા હતા.

# ઉ.પ્રદેશમાં ગાઢ ધુમ્મસના કારણે ૪૦ વાહનો અથડાયા : છનાં મોત

## આગ્રા નેશનલ હાઈવે અને યમુના એક્સપ્રેસ-વે સહિતના સ્થળે અકસ્માતોની વણઝારઃ દિલ્હીમાં વિઝિબિલિટી ઘટીને ૫૦ મીટરથી ઓછી થતાં ઓરેન્જ એલર્ટ : ચાર ફલાઈટ જયપુર ડાયવર્ટ : ૨૫ ટ્રેનો મોડી પડી





**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઉન્નાવ/બાગપત/પ્રયાગરાજ : ઉત્તર પ્રદેશના વિભિન્ન વિસ્તારોમાં મંગળવારની રાત અને બુધવાર સવારે ગાઢ ધુમ્મસને કારણે થયેલા અલગ અલગ અકસ્માતોમાં ૪૦ વાહનો અથડાયા હતાં અને ૧૦ લોકોનાં મોત થયા છે તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજયના મોટા ભાગના વિસ્તારોમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાયેલુ હતું. કેટલાક વિસ્તારોમાં તો દ્રશ્યતાનું પ્રમાણ ઘટીને ૨૦ મીટરથી પણ ઓછું થઇ ગયું હતું.

હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી બે દિવસ રાજ્યમાં ગાઢ ધુમ્મસનું પ્રમાણ યથાવત રહેશે. બરેલીમાં મોટરસાયકલ ટ્રેકટર સાથે અથડાતા બે મહિલાનાં મોત થયા હતાં. પ્રયાગરાજ જિલ્લામાં મોટરસાયકલ ડમ્પર ટ્રક સાથે અથડાતા બે યુવાનોનાં મોત થયા હતાં. ઉન્નાવમાં એક કન્ટેનર ટ્રક સાથે ત્રણ બસો અને બે કાર અથડાતા એક વ્યકિતનું મોત થયું છે. પશ્ચિમ ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લામાં એક વાન ટ્રક સાથે અથડાતા વાનમાં સવાર બે મહિલાઓનું મોત થયું છે.

બીજી તરફ દેશની રાજધાની દિલ્હીમાં પણ સવારના સમયે ગાઢ ધુમ્મસ છવાયેલુ હતું. ગાઢ ધુમ્મસને કારણે દિલ્હી એરપોર્ટ પરથી ચાર ફલાઇટ જયપુર ડાયવર્ટ કરવામાં આવી હતી.

દિલ્હીમાં સવારના સમયે દ્રશ્યતાનુ પ્રમાણ ૫૦ મીટરથી ઓછું થઇ જતાં હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જારી કરી હતી. ગાઢ ધુમ્મસને કારણે કેટલીક ટ્રેનોને પણ અસર થઇ હતી. દિલ્હી રેલવે સ્ટેશને આવનારી ૨૫ ટ્રેનો તેના નિર્ધારિત સમયથી મોડી ચાલી રહી હતી.કાશ્મીરમાં પણ ગાઢ ધુમ્મસ અને અસહ્ય ઠંડી યથાવત છે. શ્રીનગરમાં લઘુતમ તાપમાન માઇનસ ૨.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં આવેલા પહેલગામમાં તાપમાન માઇનસ ૪.૬ ડિગ્રી સેલ્સિયસ હતું.

પંજાબ અને હરિયાણામાં પણ ઠંડી અને ધુમ્મસનું પ્રમાણ યથાવત રહ્યું હતું. પંજાબના ભટિન્ડામાં ૬.૨ ડિગ્રી અને હરિયાણાના અંબાલામાં ૬.૯ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું.

બિહારમાં વરસાદ પછી કડકડતી ઠંડી પડવાની આગાહી કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં શીતલહેર અને ગાઢ ધુમ્મસ અંગે ઓરેન્જ અલર્ટ જારી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઝારખંડમાં આગામી પાંચ દિવસ હવામાનમાં કોઇ મોટો ફેરફાર થશે નહીં. બિહારમાં છેલ્લા પાંચ દિવસમાં લઘુતમ તાપમાન બેગણુ વધી ગયુ છે. હવામાન વિભાગ મુજબ ૨૧ ડિસેમ્બરે કિશનગંજમાં લઘુતમ તાપમાન ૫.૫ ડિગ્રી હતું. જે ૨૬ ડિસેમ્બરે વધીને ૧૧ ડિગ્રી સેલ્સિયસ થઇ ગયું હતું. ગાઢ ધુમ્મસને કારણે ઉત્તર પ્રદેશમાં વાહનો એકબીજા સાથે અથડાયા હતાં. જેમાં મરઘીઓથી ભરેલ એક ટ્રક પણ સામેલ હતો. અકસ્માત પછી ત્યાંથી પસાર થઇ રહેલા લોકોએ લોડિંગમાંથી મરઘીઓ લૂંટવાનું શરૂ કરી દીધું હતું. કોઇ હાથમાં તો કોઈ થેલામાં મરઘીઓને ભરીને લઇ રહ્યાં હતાં. આ લૂંટનો વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થયો હતો. દુર્ઘટનાગ્રસ્ત ટ્રકમાંથી અડધા કલાક સુધી મરઘીઓની લૂંટ ચાલુ રહી હતી. જો કે ત્યારબાદ પોલીસ પહોંચતા જ મરઘી લૂંટી રહેલા લોકો ત્યાંથી ભાગી ગયા હતાં.

# જેતપુરના વિરપુર નજીકના સેલુકા-થોરાળા ગામની સીમમાં થતી મસમોટી ખનીજ ચોરી.. તંત્ર બેધ્યાન !

## મામલો સળગતા હવે કોઈ જવાબદારી લેવા તૈયાર નથી : તલાટી, વર્તમાન સરપંચ કફોડી હાલતમાં : બચવા હવાતિયા શરુ






'મુખ્ય સમાચાર, હરેશ ભાલિયા

**જેતપુર:** જેતપુર તાલુકાના વીરપુર પંથકમાં થતી બેફામ ખનીજ ચોરીનો મામલો હવે પ્રજા વચ્ચે અને મીડિયા સુધી પહોચી જતા જવાબદારો અને કસુરવારો પગ તળેથી ધરતી સરકવા લાગી છે. ટાઢોડામાં ધગ ધગતા પાણીનો રેલો પણ આવવાની શક્યતા નકારી શકાતી નથી.

પ્રાપ્ત વિગતો મુજબ છેલ્લા કેટલાય સમયથી રાજકોટ જેતપુર સિક્સલેન હાઈવેનું કામ ચાલુ છે, નેશનલ હાઈવેને ફોરલેનમાંથી સિક્સલેન બનાવવા માટે રોડ કામમાં ભરતી ભરવા માટે અનેક જગ્યાએથી માટી ઉપાડવામાં આવે છે. યાત્રાધામ વીરપુર પાસે આ સિક્સલેન માટે માટી ઉપાડવા માટે મસમોટું કૌભાંડ સામે આવ્યું છે,

વીરપુર પાસે આવેલા સેલુકા અને થોરાળા ગામની સીમમાથી રોડ કોન્ટ્રાક્ટરો દ્વારા ખનીજ ચોરી કરવામાં આવે છે, વરાહા ઇન્ફ્રા લિમિટેડ નામની કંપનીએ આ રોડ માટે માટી ઉપાડવાનું કામ રાખવામાં આવ્યું છે.જેમને ખાણ ખનીજ વિભાગની લિઝની મજૂરી થોરાળા ગામના વિસ્તારમાં ચેક ડેમ સર્વેનં.૧૭૫ની એક એકર જમીન માંથી માટી કાઢવાની લીધી છે.

જ્યારે આ કંપનીના કોન્ટ્રાક્ટરો દ્વારા ગેરકાયદેસર સેલુકા ગામની સીમ વિસ્તારની બીજી અન્ય ગૌચરણની જમીન પાંચ એકર જેટલી અને ધાર અને ડુંગરામાંથી ખનીજ ચોરી કરી રહ્યા છે, ત્યારે જાગૃત નાગરિકો દ્વારા આ ગેરકાયદેસર ખનીજ ચોરી અટકાવીને પ્રકૃતિને અને કુદરતી સંપત્તિને નુકશાન ન થાય એ માટે ખનીજ વિભાગ અને તંત્ર દ્વારા આ કંપની ઉપર કાયદેસરની કાર્યવાહી કરે તેવી લોકમાંગ ઉઠી છે.

### થોરાળાના તલાટી મંત્રીએ શું કહે છે ?

આ બાબતે થોરાળા ગામના તલાટી મંત્રી રાજેશ મેહતાને પૂછતા તેમણે જણાવ્યું હતું કે થોરાળા ગ્રામપંચાયતમાં આ બાબતે કોઈ પણ પ્રકારનો ઠરાવ કે મંજૂરી આપવામાં નથી આવી.

### થોરાળાના વર્તમાન સરપંચે હાથ ઊંચા કર્યા

થોરાળા ગામના સરપંચ હસુભાઈ ટીમબડીયાને પૂછતા તેમણે જણાવ્યું હતું કે પુર્વ સરપંચ એ.કે.પટેલે મારી પાસે ઠરાવ કર્યા વગર જ લેટર પેડમાં બારોબાર લેટરપેડમાં મંજૂરી બાબતે લખાવી લીધેલ છે.


### મામલતદારની તપાસની ખાતરી

આ બાબતે જેતપુર ગ્રામ્ય મામલતદાર અંટાળાને પૂછતા તેમણે જણાવ્યું કે વરાહા ઇન્ફ્રા કંપનીને માટી ઉપાડવાની મંજૂરી સિવાયના જો એ બીજા વિસ્તારમાંથી માટી ઉપાડતા હશે તો તપાસ કરીશું. માટી ખોદતી કંપનીના કર્મચારીએ શું કીધું ? વરાહા ઇન્ફ્રા કંપનીના કર્મચારી નાથુસીંગએ જણાવ્યું જતું અમને આ સેલુકા ગામની સીમમાં માટી કાઢવા માટે જેતપુર મામલતદાર અને તેમના કર્મચારીઓએ જગ્યા બતાવી હતી કે અહીંથી માટી કાઢવી.ત્યારે સવાલ એ થાય કે જેતપુર મામલતદાર પણ આ બાબતોથી અજાણ છે કે મંજૂરી કોઈ ઓર જગ્યાની અને માટી કાઢવાની પણ બીજી જગયાએથી! શુ જેતપુર ગ્રામ્ય મામલતદારની પણ આ ખનીજ ચોરીમાં મિલિભગત છે !?

### સેલુકા ગ્રામ પંચાયતના આવી મંજૂરી માટે કોઈ ઠરાવ કરવામાં આવ્યો નથી: તલાટી મંત્રી

આ બાબતે સેલુકાના તલાટી મંત્રી સેજલબેન ગોંડલીયાને પૂછતા તેમણે જણાવ્યું હતું કે સેલુકા ગ્રામપંચાયતમાં પણ આવી મંજૂરી માટે કોઈ પ્રકારનો ઠરાવ કરવામાં આવ્યો નથી અને આવી કોઈ માટી ઉપાડવાની મંજૂરી પણ આપવામાં આવી નથી. જ્યારે સેલુકા ગામના વહીવટદારએ જણાવ્યું હતું કે આ બાબતે મામલતદારને જાણ કરવામાં આવી છે રોડ કોન્ટ્રાક્ટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજૂરી વગર સેલુકા ગામની સીમ માંથી માટી ખોદકામ કરી ખનીજ ચોરી કરી રહ્યા છે.

# શિયાળાનું વસાણુ ગણાતી ચીકીનું શહેરમાં ધૂમ વેચાણ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

શિયાળા ઋતુ શરૂ થતા રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં શિયાળાનું વસાણું ગણાતી ચીકીનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે શહેરના તમામ વિસ્તારોમાં ગોળમાંથી બનાવતી તલની માંડવીની અને દરિયાની ચીકીનુ વેચાણ વધ્યું છે ગોળ સિવાય ખાંડમાં બનાવતી ચીકી પણ બજારમાં ઉપલબ્ધ છે ડ્રાયફુટ સામગ્રીમાંથી બનાવતી ચિકી ચીકીય વિશેષ આકર્ષણ જમાવ્યું છે. ગત વર્ષની તુલનામાં આ વર્ષે તમામ પ્રકારની ચીકીના ભાવમાં ૮ થી ૧૦% નો વધારો નોંધાયો છે.

# ઉતરાયણનું પર્વ નજીક આવતા માંજોઃ પાવાની કામગીરી વેગવંતી બની

ઉતરાયણ ના પર્વનાડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા હોય રાજકોટમાં દોરા પાવાની કામગીરીમાં વેગ આવ્યો છે શહેરના અનેક વિસ્તારોમાં યુપીના અને બિહારના કારીગરો દ્વારા માનજો પાવામાં આવી રહ્યો છે ગત વર્ષની તુલનામાં આ વર્ષે દોરાની કિંમતમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે જોકે પતંગ રસિયા માટે આ વધારો કોઈ માન્ય રાખતો નથી હાલ બજારમાં ગેંડા તેમજ સાકર ૮ના રીલની વધુ ડિમાન્ડ છે



(તસ્વીરઃ આનંદ જાવિયા)

### રાજકોટની ચિત્ર કલાકાર સલોની મેરનો આજે જન્મદિવસ



રાજકોટની ઉગતી પ્રતિભા અને વિદ્યાર્થીની સલોની મેરનો આજે જન્મદિવસ છે. રાજકોટ સહિત ગુજરાતના અન્ય શહેરોની દિવાલો પર પ્રેરણાત્મક ચિત્રો સજાવી લોકોને એક નવી દિશા ચિંધવાનું કામ કરતી સલોની ચિત્ર કલામાં પારંગત છે. તાજેતરમાં જ વડોદરા જેલની દિવાલો પર સલોની તેમજ રાજકોટની ચિત્રનગરીની ટીમે ૧૭૫થી વધારે ચિત્રો નિઃશુલ્ક બનાવી કેદીઓને નવી પ્રેરણા મળે તે માટે આવકાર દાયક કામ કર્યુ છે. આજે તેમના જન્મદિવસ નિમિતે દાદા, દાદી, માતા-પિતા, ભાઇ, પરિવારજનો તેમજ કર્મયોગ મંદિરના સંચાલક ડો. રાજીવ મિશ્રા તથા કર્મયોગ મંદિર તરફથી લાખેણી શુભકામના મળી છે.

### મોરબીના શાક માર્કેટ પાસે જાહેરમાં વર્લી મટકાનો જુગાર રમતો શખ્સ ઝડપાયો, અન્યની શોધખોળ

મુખ્ય સમાચાર, મોરબી

મળતી માહિતી અનુસાર મોરબીના શાક માર્કેટ પાસે જાહેરમાં વર્લી ફિચર્સના આંકડાઓનો જુગાર રમતા જાવીદભાઈ યુનુશભાઈ ખોખર ઉવ.૩૨ રહે. સીપાઈ વાસ માતમ ચોકને ઝડપી લેવામાં આવ્યો હતો, સ્થળ પરથી પકડાયેલ આરોપી પાસેથી વર્લી મટકાનો જુગાર રમવાના સાહિત્ય સહીત રૂ. ૫૦૦/- રોકડા કબ્જે લીધા હતા જયારે આરોપીની પ્રાથમિક પૂછપરછમાં વર્લી ફીચર્સના આંકડાઓનું કપાત આરોપી અવેશભાઈ અયુબભાઇ કાસમાણી રહે. કબીર ટેકરી શેરી નં ૩ કરાવે છે તેવી માહિતી આપતા મોરબી એ ડિવિઝન પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુન્હો નોંધી તજવીજ હાથ ધરી છે.

# નવા થોરાળામાં મામાસાહેબના મંદિર પાસે યુવાનને ત્રણ શખ્સોએ ધોકાવ્યો

## ચુનારા વાળમાં ઘર પાસે ઊભા રહેવા બાબતે યુવાન પર ધોકા પાઈપ વડે હુમલો

મુખ્ય સમાચાર રાજકોટ

શહેરના સામા કાંઠે આવેલા નવા થોરાળા અને ચુનારાવાડ વિસ્તારમાં બે સ્થળોએ મારામારી તથા પોલીસ ચોપડે બે ફરિયાદ નોંધાય છે.

આ અંગેની માહિતી મુજબ ભાવનગર રોડ પર આવેલા ગંજીવાડા શેરી નંબર ૨૭ માં રહેતો સંજય કાનજીભાઈ અસાણી નામનો યુવાન ગઈકાલે થોરાળા મેઇન રોડ પર આવેલા મામા સાહેબ ના મંદિર પાસેથી પસાર થતો હતો ત્યારે હાથ ઉછીના આપેલા પૈસા બાબતે થોરાળામાં રહેતો કામલો તથા સોયબ અને બોદુ નામના ત્રણ શખ્સોએ છરી વડે હુમલો કરી માર મારી બીજા કરી નાખી જતા ફરિયાદ નોંધાય છે બનાવના પગલે થોરાળા પોલીસ મથકના હેડ કોસ્ટેબલ જે બી જાડેજા એ પ્રાથમિક તપાસ હાથ ધરી છે જ્યારે અન્ય એક બનાવમાં ચુનારાવાડ શેરી નંબર એકમાં આજે નદીના કાંઠે રહેતો સુનીલ કિશન સોલંકી નામનો યુવાન ડાભી હોટલ વાળી શેરીમાં ઊભો હતો ત્યારે અહીંયા કેમ ઉભો છો તેમ કહી વિશાલ ડાભી તથા વિમલ અને વિશાલ નો ભાઈ સહિત ચાર શખ્સોએ ધોકા અને પાઇપ હુમલો કરી માર મારી નાસી જતા થોરડા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# જામકંડોરણા તાલુકામાં આંગણવાડી કાર્યકર અને તેડાગરની ભરતીના મેરિટ લીસ્ટમાં ગેરરીતી થયાની ઉચ્ચકક્ષાએ રાવ

મુખ્ય સમાચાર, નિલેષ સોલંકી

**ઢાંક:** જામકંડોરણા તાલુકાના સાજડીયાળી ગામ ના મહિલા અરજદાર ને આંગણવાડી ની ભરતી ના મેરિટ લિસ્ટ મા અન્યાય થતા ઉચ્ચકક્ષાએ લેખિત રાવ કરી છે.



રાજકોટ જીલ્લાના જામકંડોરણા તાલુકાના સાજડીયાળી ગામની આંગણવાડી સાજડીયાળી -૧ માં ૧ આંગણવાડી કાર્યકર, તથા ૧ આંગણવાડી તેડાગરની જગ્યા ખાલી હતી. જેમાં સાજડીયાળી ગામે કાર્યકર તરીકે પ્રતિક્ષાબેન ભાવેશભાઈ કોટડીયા ઓનલાઈન અરજી નં.૨૦૨૩૬૬૨૫૦૨૫૩૧૯ તથા ભાવિશાબેન મુકેશભાઈ બગડા એ ઓનલાઈન અરજી નં. ૨૦૨૩૬૬૨૫૦૦૭૯૨૮૮ ફોર્મની અરજી કરેલ. તથા આંગણવાડી તેડાગર તરીકે હર્ષાબેન પરબતભાઈ ખટાણાએ ઓનલાઈન અરજી નં.૨૦૨૩૬૬૨૫૦૫૪૯૬૭ તથા જાગૃતિબેન અરજણભાઈ મકવાણાએ અરજી નં.૨૦૨૩૬૬૨૫૦૭૮૫૯૩ ફોર્મની અરજી ભરેલ. જેનું મેરિટ લીસ્ટ તા. ૧૮/૧૨/૨૦૨૩ ના રોજ બાળવિકાસ અધિકારી જામકંડોરણાએ બહાર પડેલ. જેમાં અમો અરજદારનો અરજી નીચેના કારણોસર રદ કરી મેરિટ લીસ્ટમાં જાહેર કરેલ નહિ. સ્વ ઘોષણા નો નમુનો અને આધાર કાર્ડ/ઓળખાણનો પુરાવો/ ડોક્યુમેન્ટ વ્યવસ્થિત સુવાચ્ય અપલોડ કરેલ નથી. જન્મ તારીખનો દાખલો, શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા ધોરણ-૧૦નું ક્રેડીટ સર્ટીફીકેટ ડોક્યુમેન્ટ વ્યવસ્થિત સુવાચ્ય અપલોડ કરેલ નથી. સ્નાતકના ઓરીજનલ ડોક્યુમેન્ટ અપલોડ કરેલ નથી. તથા સ્નાતક અરજીમાં માર્કસ અથવા કુલ ગુણ ખોટા દર્શાવેલા છે.

ધોરણ-૧૨ પાસ ડોક્યુમેન્ટ વ્યવસ્થિત સુવાચ્ય અપલોડ કરેલ નથી. આ તમામ ડોક્યુમેન્ટએ સુવાચ્ય વ્યવસ્થિત અને માર્કસ સાચાં દર્શાવેલ હતાં છતા પણ અમોને મેરિટ લીસ્ટમાં નામ જાહેર કરેલ નથી. મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૨૫/૧૧/૨૦૧૯ તથા તા.૨૭/૧૧/૨૦૧૯ તથા તા. ૧૨/૧૦/૨૦૨૦ તથા તા. ૧૭/૧૧/૨૦૨૧ ના સરકારશ્રીના આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો માનદ સેવા સમીક્ષા શિસ્ત ભાબતોના નિયમો મુજબની પ્રતિક્ષા યાદી બહાર પાડેલ નથી. અમો અરજદારના જે કારણો ઉપર મુજબ દર્શાવેલ છે તે કારણો ભાવિશાબેન મુકેશભાઈ બગડાને લેવા માટે કરવામાં આવેલ છે. અમોને જાણમાં છે ત્યાં સુધી જામકંડોરણા તાલુકામાં રાજકીય પદાવિકારીના નજીકના પોતાની કાસ્ટના લોકોની ભરતી કરવામાં આવેલ છે. જે મેરિટ લીસ્ટ જોતાં સ્પષ્ટ સાબિત થાય છે. જો અમારું નામ મેરિટ લીસ્ટમાં દાખલ કરવામાં આવે તો અમારા ગુણાંકની ટકાવારી પ્રોરેટાબેસીસ ગુણ પ્રમાણે વધારે આવે એમ છે આથી ઈરાદાપુર્વક નસ્ત્રન રહે બાંસ ન રહેંગી બાસુંરીસ્ત્રસ્ત્ર તે કહેવત મુજબ અમારું નામ દાખલ કરવામાં આવેલ નથી ઈરાદાપુર્વક હરીફ ઉમેદવાર ન થાય તે માટે અમારું નામ મેરિટ લીસ્ટમાં દાખલ કરેલ નથી.

આમ ઓનલાઈન ભરતી પ્રક્રિયામાં મોટા પાયે ગેરરીતી થયેલ છે. મેરિટ લીસ્ટ બનાવવામાં કાનુની પ્રોસિજરની તથા સરકારશ્રીના ઠરાવનું પાલન થયેલ નથી. જેથી આ તમામ મેરિટ લીસ્ટનો પુનઃસમીક્ષા અથવા રદ કરવી જરૂરી છે. જો તેમ ન થાય તો ઘણી અમારા જેવી મહિલાઓને અન્યાય થાય તેમ છે. માનનીય વડાપ્રધાનશ્રીના મહિલા ઉત્કર્ષની યોજનાઓ અને આત્મ નિર્ભર થવા અંગેના સપનાઓ આવી ભરતીમાં ગેરરીતી થવાના કારણે પુરા થઈ શકે તેમ નથી.જેથી ઉપરોક્ત કારણોસર અમારું નામ મેરિટ લીસ્ટમાં દાખલ કરવા વિનંતી છે.ઉપરોક્ત ફરિયાદ જામકંડોરણા તાલુકાના સાજળયાણી ગામ ના મહિલા અરજદારે મુખ્યમંત્રી, તેમજ સ્થાનિક ધારાસભ્ય જયેશ ભાઈ ને તેમજ નિયામક, ને લેખિત રજૂઆત કરી છે હવે એ જોવાનું રહ્યું કે ઘી ઠામ મા ઘી પડી જશે કે નિયમો પ્રમાણે તપાસ હાથ ધરી ને મહિલા અરજદાર ને ન્યાય મળશે.? આ વિસ્તાર ના લોકો ને ધારાસભ્ય પર પૂરે પૂરો વિશ્વાસ હોવાથી તેને નકલ રવાના કરીને જાણ કરી છે.

# ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ પુના દ્વારા આગામી રવિવારે રાષ્ટ્રીય રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન

## પૂનાના ગણેશ કલા ક્રિડા મંચ ખાતે યોજાશે સ્પર્ધાઃ દરેક શહેરમાંથી ગરબા ટીમ ભાગ લેશે

મુખ્ય સમાચાર, રાજકોટ





ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ રાસ ગરબા સમિતિ પુના, દ્વારા ભવ્ય રાસ ગરબાનું આયોજન ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ના કરવામાં આવેલ છે. જેમાં ઓલ ઈન્ડિયા માં રહેતા શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ હાલાર-મોટી નાત વિસ્તારના ગુજરાત તથા મહારાષ્ટ્રના દરેક શહેરની એક ગરબાની ટીમ પોતાના શહેરની આગેવાની કરશે.

શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ રાસ ગરબા સમિતિ પુના, દ્વારા ભવ્ય રાસ ગરબાનું આયોજન ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ના કરવામાં આવેલ છે. જેમાં ઓલ ઈન્ડિયા માં રહેતા શ્રી ગુર્જર ક્ષત્રિય કડીયા સમાજ હાલાર-મોટી નાત વિસ્તારના ભારત ભરમાં વસ્તા દરેક શહેર ની બાળાઓ અને બહેનો એક નવી પહેલ કરીને રાષ્ટ્રીય સ્તરે ભવ્યા તિભવ્ય રાસગરબા સ્પર્ધાનુ આયોજન રવિવાર : ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ બપોરે ૨.૦૦ થી ૭.૦૦ વાગે ગણેશ કલા ક્રીડા મંદિર મંચ, સ્વારગેટ, નહેરુ સ્ટેડિયમની બાજુમાં, પુના માં આયોજન થઈ રહ્યુ છે.

આ આયોજનમાં દરેક શહેર માથી એક ગરબા ટીમ પોતાના ગ્રુપ સાથે ભાગ લેનાર છે. જે માં હાલાર વિભાગ માંથી જામનગર - દ્વારકેશ ગ્રુપ, અમદાવાદ આદ્યશક્તિ ગ્રુપ,સેલવાસ - કલ્યાણી ગ્રુપ, નવસારી - નવરંગ ગ્રુપ, નાશિક - સપ્તશૃંગી ગ્રુપ, અંબરનાથ - આરાધ્યા શક્તિ ગ્રુપ,કર્વેનગર - શ્યામ સુંદર ગ્રુપ, મુલુંડ - SGKKS મુલુંડ ટ્રસ્ટ, પુના પિંપળે ગુરવ - રંગીલો ગ્રુપ એ ભાગ લીધો છે. આ કાર્યક્રમમાં દેશ-વિદેશ અને સૌરાષ્ટ્રમાં ખ્યાત નામના ધરાવતા યુવાઓના પોપ્યુલર સિંગર વિશાલ વરુ પોતાની ટીમ સાથે લાઈવ ગરબાની રમઝટ બોલાવશે.

આ આયોજનમાં સમાજના સર્વે મુખ્ય આગેવાન તથા જ્ઞાતિ રત્નો કાર્યક્રમમાં હાજરી આપશે જેમાં પ્રમુખશ્રી હાલાર-મોટી નાત શ્રી છગનભાઈ રાઠોડ,શ્રી વિમલભાઈ સાપરિયા (પ્રમુખશ્રી સમૂહ લગ્ન મોટી નાત), નટુભાઈ ગોહેલ (ગોવા), જાદવજીભાઈ રાઘવાણી (જામનગર), શ્રીમતી ભારતીબેન સોલંકી (પ્રમુખ વુમન સેલ), કાનજીભાઈ વાઘેલા (સુરત), કાંતિભાઈ ચૌહાણ (કાંદિવલી), જયંતીભાઈ પરમાર (અંબરનાથ), હિતેશભાઈ રાઠોડ (રાજકોટ), મીડિયા પાર્ટનર ૭ ન્યુઝ ગુજરાતી નો સહયોગ મેડલ છે.

આ આયોજનમાં દરેક શહેરના સમાજ આગેવાન ઓ દ્વારા માર્ગદર્શ અને સફળતા ની શુભેચ્છા પાઠવતા દામજીભાઈ મકવાણા (પુના), યશવંતભાઈ ધનાણી (નવસારી), ભુપતભાઈ પરમાર (રાજકોટ), પરેશભાઈ સાપરિયા (મુલુંડ), શ્રીમતી જીજ્ઞાબેન ટાંક (અંકલેશ્વર), શ્રીમતી દક્ષાબેન ગાંગાણી (પાર્લા અંધેરી), શ્રીમતી જયશ્રીબેન ટાંક (કાચા) અમદાવાદ, શ્રી અજીતભાઈ ગોહિલ (સુરત) દ્વારા માર્ગદર્શક તેમજ પેરણાં સાથે બધાના સહયોગથી હાલાર વિભાગ દ્વારા મેગા રાસ ગરબાનું આયોજન ને સફળ બનાવા તન મન ધન થી મદદ મડેલ છે.

ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ સમસ્ત પુના હાલાર વિભાગ પ્રમુખ વિપુલભાઈ ચાવડા, પિંપળે ગુરવ સમાજ પ્રમુખશ્રી અશોકભાઈ બી. વાઘેલા, કર્વેનગર સમાજ પ્રમુખ અશોકભાઈ ચોટલીયા, નિગડી સમાજ પ્રમુખશ્રી પ્રવિણભાઈ કાચા, સાંગવી સમાજ પ્રમુખશ્રી હરેશભાઈ ટાંક, તળેગાવ સમાજ પ્રમુખશ્રી અમરશીભાઈ રાઠોડ, ભોસરી સમાજ પ્રમુખશ્રી કમલેશભાઈ રાઘવાણી, ભૈયાવાડી સમાજ પ્રમુખશ્રી રસિકભાઈ પરમાર, સોમવાર પેઠ સમાજ મા. પ્રમુખશ્રી જીતેશભાઈ ગોહેલ, બધાના સહયોગથી (હાલાર વિભાગ) ના સંપૂર્ણ ભારતની બાળાઓ અને બહેનો માટે ભવ્ય રાસ ગરબા સ્પર્ધા ૨૦૨૩નુ મેગા આયોજન પુના શહેરની પાવન ધરાપર યોજવા કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ ની વધુ માહિતી માટે આયોજક કમિટી ના દિનેશભાઈ જાવિયા (પ્રમુખ) - ૯૦૪૯૦૮૬૪૦૯, વિજયભાઈ ગોહેલ (ઉપપ્રમુખ), મનોજભાઈ સાપરીયા (મંત્રી) ૭૭૦૯૧૦૫૨૬૧, દિપકભાઈ સાપરીયા (સહમંત્રી), મુળજીભાઈ ગાંગાણી (ખજાનચી) ૯૫૪૫૯૫૦૧૦૦, પ્રભુલાલ વરૂ (સહખજાનચી), તુલસીભાઈ સાપરીયા (કાર્યપ્રમુખ), નરેન્દ્રભાઈ રાઠોડ (સભ્ય), સંદિપભાઈ વાઘેલા (સભ્ય) અશોકભાઈ ચોટલિયા (સભ્ય), અરવિંદભાઈ સાપરીયા (સભ્ય), અ.સૌ. રૂપલબેન ચાવડા (સભ્ય), રમેશભાઈ ચૌહાણ (સાભ્ય), રમેશભાઈ વાઘેલા (સભ્ય), ધીરૂભાઈ વાઘેલા (સભ્ય), નટવરલાલ સાપરીયા (સભ્ય), પ્રવિણભાઈ રાઠોડ (સભ્ય) નો સંપર્ક કરવાં નમ્રર વિનંતી.

# જામનગરમાં ઢીંચડા રોડ પર વાયુનગરમાં લુખ્ખા તત્વોનો આતંક

## નજીવી બાબતે પાંચ યુવાનો પર આઠ શખ્સોનો હુમલો

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરમાં ઢીચડારોડ પર વાયુનગર વિસ્તારમાં ગઈ રાત્રે લુખ્ખા તત્વો એવુંઆતંક મચાવ્યો હતો, અને ધારદાર હથિયારો સાથે ઘસી આવ્યા હતા, અને પાંચ યુવાનો પણ હુમલો કરી નાની મોટી ઈચ્છા પહોંચાડી હોવાથી તમામને જાગનગરની સરકારી જી.જી.હોસ્પિટલમાં સારવાર માટે પહોંચાડાયા છે. આ બનાવને લઈને ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.જામનગર ઢીચડાના વાયુનગરમાં



નજીવી બાબતે સોહિલ પતાણી, અસગર અખાણી, અબરારખાન, સોહિલ અખાણી અને મોઇન સાંઢ નામના યુવાનો પર હુમલો કરાયો હતો. સાત થી આઠ શખ્સો દ્વારા પાઇપ, ધોકા, છરી વડે હુમલો કરાતાં વાયુનગર વિસ્તારમાં નાસભાગ મચી ગઇ હતી.ઇજાગ્રસ્તને યુવાનોને લોહીલુહાણ હાલતમાં જી.જી.હોસ્પિટલ ખાતે ખસેડાયા આવ્યા હતા. આ બનાવની જાણ થતાં ઢીંચડા ગામના લોકો જી.જી.હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા. ત્યારબાદ સિટી-સી. ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમ હોસ્પિટલમાં દોડી આવી હતી અને વધુ તપાસ શરૂ કરી છે.

# ઊનામાં નકલી આધાર કાર્ડ કૌભાંડ ઝડપાયુંઃ ત્રણ શખ્સોની ધરપકડ

## બે વર્ષથી ચાલતુ કૌભાંડ ગીર સોમનાથની એલસીબી ટીમે પકડી લઈ ૪૦ થી વધુ નકલી આધાર કાર્ડ કબ્જે કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેન્દ્ર સરકાર દ્વારા હાલ જ નવા આધાર કાર્ડ ને લઈ નવી સિસ્ટમ લાગુ કરવા ના મૂડમાં છે અને તેવા માં ઉના શહેર ના બસ સ્ટેશન સામે ના વિસ્તાર માં દરબારી આધાર નામની દુકાન ની અંદર કોઈ પણ આધાર કે પૂરાવા વગર આધાર કાર્ડ કાઢવાનું કોભાંડ છેલ્લા બે વર્ષ થી ચાલતું હોવાનું સામે આવ્યું છે, જેમની પોલસ ને જાણ થતા આખરે ગીર સોમનાથ એલસીબી પોલીસે શનિવારે રાત્રે દરોડો પાડયો હતો અને આધાર કાર્ડ નું કોભાંડ આચરનાર ની દુકાન અને ઘર પર પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસે આ સમગ્ર મામલે ઉના ના અસલમ ઇસ્માઇલ શેખ, શબ્બીર શરીફ સુમરા, અને જાવેદ ઉર્ફે ભૂરો ઇબ્રાહિમ ની ધરપકડ કરી છે.



દરબારી આધાર નામની દુકાન સંચાલક અને મુખ્ય આરોપી અસલમ સેખ તે લાંબા સમય થી આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, જન્મ મરણ, સબ રજીસ્ટાર ના સિક્કો તેમજ ડેમો રજીસ્ટર સહિત ના જુદા જુદા દાખલાઓ અને કાર્ડ તે એડિટ કરી બનાવતો હતો. પોલીસે તેમની દુકાન અને ઘર પર થી એકજ નબર ના બે આધાર કાર્ડ ગ્રાહકો ની માહિતી કોમ્પ્યુટર સેટ, લેમીનેશન મશીન, લેપટોપ, કલર પીન્ટર, પાન કાર્ડ, ક્ટર મશીન સહિત મુદ્દા માલ કબ્જે કર્યો છે, એસપી ના જણાવ્યા મુજબ આરોપી એ પોતાના કોમ્પ્યુટર માથી ઘણી બધી માહિતી ડિલીટ કરી દીધી છે જે માટે ટેકનિકલી મદદ લેવા માં આવશે.

જો કે સમગ્ર મામલે જિલ્લા પોલીસ વડા મનોહર સિંહ જાડેજાએ જણાવ્યું હતું કે હાલ ત્રણ ની ધરપકડ કરી છે અને આ શખ્સો અન્ય રાજ્યો માં પણ કોન્ટેક્ટ મા હતા. હાલ તમામ આરોપી રિમાન્ડ પર છે અને મોટા ખુલાસા પૂછ પરછ દરમિયાન થઇ શકે છે, જયારે અત્યાર સુધીમાં ૧૨૦૦ જેટલા આધાર કાર્ડ બનાવ્યા છે જેમાં ૪૦ થી વધુ નકલી આધાર કાર્ડ હોવાનું સામે આવ્યું છે અને એક આધાર કાર્ડ કાઢવા ૧૨૦૦ થી લઇ ને હજારો રૂપીયા લેવામાં આવતા હતા.

# થર્ટી ફર્સ્ટ પૂર્વે કરજણ ટોલનાકા પાસેથી ૩૯ લાખનો વિદેશી દારૂ ઝડપી લેતી એસએમસીની ટીમ

## સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવી ટ્રક ડ્રાઈવર અને ક્લીનરની ધરપકડ કરી કુલ રૂપિયા ૫૪ લાખનો મુદ્દા માલ કબજે કર્યોઃ હરિયાણાના સપ્લાયરની શોધખોળ

**મુખ્ય સમાચાર રાજકોટ**

થર્ટી ફર્સ્ટ પૂર્વે ગુજરાત ભરમાં બુટલેગરો સક્રિય બન્યા છે ત્યારે ગુજરાત સ્ટેટ મોનેટરીંગ સેલ ની ટીમ દ્વારા બાતમી દા રો નું નેટવર્ક કામે લગાડી વડોદરા ભરૂચ હાઇવે પર આવેલા કરજણ ટોલનાકા પાસેથી ૩૯ લાખનો વિદેશી દારૂ ભરેલ ટ્રક સાથે બે શખ્સોની ધરપકડ કરી રૂપિયા ૫૪ લાખનો મુદ્દા માલ કબ્જે કર્યો છે.

અંગેની માહિતી મુજબ સ્ટેટ મોનિટરિંગ સેલના ડીવાયએસપી કેટી કામળિયા ની સુચના થી પીએસઆઇ આર બી ડેરા સહિતના સ્ટાફે ભરૂચ વડોદરા હાઇવે પર હકીકતના આધારે કરજણ ટોલનાકા સ્ટેશન પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન વિદેશી દારૂ ભરેલો ટ્રકમાં બે







શખ્સો શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી ટ્રકની તલાસી લેતા વિદેશી દારૂની ૧૬,૫૯૪ બોટલ કિંમત રૂપિયા ૩૯ લાખ નો જથ્થો મળી આવતા સ્ટેટ મોનિટરિંગ સેલ ની ટીમે ટ્રક ચાલક હરિયાણા નો ધર્મેશ ઓમ પાલ રામસ્વરૂપ અને ક્લીનર નટરાજ ગુલઝારી સિંહ ફૂલ સિંગ નામના બે શખ્સોને દબોચી લઈ ટ્રક તથા મોબાઈલ તથા રોકડ મળી કુલ રૂપિયા ૫૪.૧૭ લાખનો મુદ્દામાલ કબજે કરી ઝડપાયેલા બંને શક્ષોની આખરી પૂછપરછ કરતા વિદેશી દારૂનો જથ્થો હરિયાણાના જોગી નામના સપ્લાયરે મોકલ્યો અને કબુલાત આપતા પોલીસે આ સપ્લાયની શોધ કોણે કરી છે.

# કુવાડવામાં પત્નીની હત્યા કરનાર પતિને આજીવન કેદની સજાઃ ૧૦ હજારનો દંડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે કુવાડવા ગામ નજીક વર્ષ ૨૦૨૧માં મંજુબેન ભરતભાઇ વસાવા નામની મહિલાની કોહવાયેલી લાશ કેનાલમાંથી મળી આવ્યા બાદ પોલીસે તેમના પતિ ભરત ચંદુ વસાવા સામે હત્યાનો ગુનો નોંધી ધરપકડ કરી જેલહવાલે કર્યો હતો. દરમિયાનમાં રાજકોટની સેશન્સ કોર્ટમાં હત્યાનો કેસ ચાલી જતા ડિસ્ટ્રિક્ટ જજ આર.ટી.વછાણીએ આરોપીને તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજા ફટકારી હતી. તેમજ રૂ.૧૦ હજારનો દંડ કર્યો હતો. જો દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદનો હુકમ કર્યો હતો.

આરોપી મૂળ નર્મદા જિલ્લાના નાદોદ તાલુકાના ભચરવાડા ગામના વતની એવા ભરત અને તેમની પત્ની મંજુબેન ગુંદા ગામ તરફ જતા દેવશીભાઇ કાકડિયાની વાડીમાં ખેતમજૂરી કરતા હતા.દરમિયાનમાં તા.૨૩-૫-૨૦૨૧ના રોજ દેવશીભાઇની વાડી નજીક કેનાલમાં મંજુનો કોહવાઇ ગયેલો મૃતદેહ મળી આવ્યો હતો. દરમિયાનમાં પી.એમ. રિપોર્ટમાં મંજુબેનને માથામાં ઇજા હોય અને ૩ દિવસથી લાપત્તા હોવા છતાં ભરતે પોલીસને જાણ ન કરી હોવાનું ખૂલતા પોલીસે તપાસ કરી સાંયોગિક પુરાવાના આધારે પત્ની મંજુની હત્યાના ગુનામાં પતિ ભરતની ધરપકડ કરી જેલહવાલે કર્યો હતો. સરકારી વકીલ કમલેશ ડોડિયાની દલીલો અને પુરાવાને ધ્યાનમાં લઈ અદાલતે આજીવન કેદની સજા ફટકારી હતી.

# મુંજકા, કણકોટ, વાગુદળ સહિતના વિસ્તારમાં આઠ દિવસથી દિશા બદલાવતો દીપડોઃ લોકો દહેશતમાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના વાગુદ્દડ નજીક દીપડાને ગ્રામ લોકોએ જોયો હોવાની માહિતી બાદ વન વિભાગે સર્ચ હાથ ધર્યું હતું. જે બાદ શહેરની ભાગોળે શનિવારે મુંજકા અને રવિવારે કણકોટ નજીક દેખાયો હોવાની માહિતી ગ્રામજનો દ્વારા વન વિભાગને આપવામાં આવતા બન્ને વિસ્તારમાં સર્ચ શરૂ કરી બંને જગ્યાએ પાંજરાં મૂકી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન સોમવારે રાત્રે પાલતુ સ્વાનનું મારણ કણકોટ વિસ્તારમાં કર્યું હોવાનું સામે આવ્યું છે.



રાજકોટ વન વિભાગના મદદનીશ વન અધિકારી એસ.ટી. કોટડિયાએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લાના વાગુદ્દડ નજીક દીપડો દેખાયાની માહિતી બાદ શનિવારે મુંજકા

અને રવિવારે કણકોટ વિસ્તારમાં દીપડો દેખાયાની માહિતી મળી હતી. જેના આધારે રાજકોટ શહેર નજીક મુંજકા, યુનિવર્સિટી વિસ્તાર અને કણકોટ વિસ્તારમાં દીપડાના સર્ચ કરતા સગડ મળી આવ્યા હતા. શનિવારે સૌરાષ્ટ્રયુનિવર્સિટી નજીક મુંજકા ગામમાં દીપડો દેખાયો હોવાની અને રવિવારના રોજ કાલાવડ રોડ પર કણકોટ ગામ નજીક દીપડો દેખાયાની માહિતી ગામ લોકો દ્વારા વનવિભાગને આપવામાં આવી હતી.

વધુમાં તેમને જણાવ્યું હતું કે, વાગુદ્દડ બાદ કણકોટ અને મુંજકા એમ બે જગ્યાએ દીપડો દેખાયાની માહિતી વનવિભાગને આપવામાં આવતા વનવિભાગ દ્વારા અલગ અલગ ટિમો બનાવી સર્ચ કરવામાં આવી રહ્યું છે. હાલમાં દીપડાને પકડવા માટે કુલ ૩ જગ્યાએ પીંજરા મુકવામાં આવ્યા છે. હજુ વધુ ૩ જગ્યાએ પિંજરા લગાવવામાં આવશે. સોમવારે રાત્રિના સમયે કણકોટ ગામ ખાતે દીપડાએ એક શ્વાનનું મારણ કર્યું હોવાનું સામે આવ્યું છે. લોકોને અફવામાં ધ્યાન ન આપવા અને પેનીક ન થવા અપીલ કરવામાં આવી રહી છે. વાડી વિસ્તારમાં લોકોએ ખુલ્લામાં સૂવું ન જોઈએ, બાળકોને એકલા રમવા દેવા ન જોઈએ, તેમજ રાત્રિ દરમિયાન બંધ મકાનમાં સુવાનો આગ્રહ રાખવો અને પરપ્રાંતીય મજૂરો દ્વારા કોઈ માસ મચ્છી કે મટન જુ રાંધણ કરવામાં આવે તો વધેલો ખોરાક ખુલ્લામાં ફેંકવાના બદલે દાટી દેવો જોઈએ, કારણ કે તેની દુર્ગંધથી દીપડો ત્યાં નજીક પહોંચી શકે છે.

# પિતાની સારવાર માટે રાખેલ યુવકની નજર બગડતા પીડિતાએ ૧૮૧ અભયમ ટીમની મદદ માગી

## રાત્રિના સમયે છેડતીનો પ્રયાસ કરનાર શખ્સને કાયદાનું ભાન કરાવતી અભયમની ટીમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર શહેર ખાતે કાર્યરત ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન મહિલાઓ માટે ખરા અર્થમાં આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે જેમાં લાલ બતી સમાન કિસ્સો સામે આવ્યો છે.

જેમાં આજરોજ પીડિતા દ્વારા ૧૮૧ મહિલા હેલ્પ લાઈનમાં ફોન કરી મદદ માંગેલી ને જણાવ્યું હતું કે પિતા ની દેખરેખ તેમજ સાર સંભાળ માટે ( કેરટેકર) યુવક રાખેલ છે જેની નજર બગાડતા છેડતી કરવાની કોશિશ કરી રહ્યો છે તેથી તત્કાલ મદદની જરૂર છે.

જામનગર ૧૮૧ અભયમ ટીમના કાઉન્સેલર શીતલબેન સોલંકી પોલીસ કર્મચારી એ તારાબેન ચૌહાણ પાયલોટ સુરજીત સિંહ વાઘેલા ગણતરીની મિનિટોમાં ઘટના સ્થળ પર પહોંચી જોવા મળેલ મકાનનો દરવાજો અંદરથી બંધ હોય તેમ જ પીડિતા ખૂબ ડરી ગયેલ હોય તેથી આશ્વાસન આપી વિશ્વાસ જીતી મકાનનો દરવાજો ખોલાવેલ પીડિતા ડરી ગયેલ હોય અને રડતા જોવા મળેલ તેથી આશ્વાશન આપી શાંત કરેલ અને કાઉન્સિલિંગ કરી પૂરી વાત જાણવાની કોશિશ કરેલ જેમાં જાણવા મળેલ





પીડિતાના માતા આશરે પાંચ વર્ષ પહેલા મૃત્યુ પામેલ હોય તેથી પીડિતા તેમના પિતા સાથે રહેતા હોય પિતાની તબિયત ખરાબ રહેતી હોવાથી તેમની દેખરેખ તેમજ સાર સંભાળ માટે યુવક રાખેલ હોય જે પિતાની સારા સંભાળ રાખે આજે પિતાને હોસ્પિટલ થી રજા આપતા ઘરે લાવેલ તેથી પીડિતા જોબ પર ગયેલ રાત્રિના ૧૧:૦૦ વાગે જોબ પરથી આવેલ ત્યાં સુધી બધું ઠીક જોવા મળેલ અચાનક ૧:૩૦ વાગે યુવક દ્વારા પીડિતાને જણાવેલ તેવો નાસ્તો કરવા જાય છે તો થોડી વાર પિતાની દેખરેખ રાખે બે વાગે યુવક કેફી દ્રવ્ય નું સેવન કરી નશા ની હાલતમાં પાછો ફરેલ તેથી ગેરવર્તન તેમજ અપશબ્દ બોલવા લાગેલ તેથી પીડિતા ડરી ને રૂમનો દરવાજો બંધ કરી દીધેલ તો યુવક દરવાજો પછાડવા લાગેલ ને દરવાજો ન ખોલતા પીડીતાના ફોનમાં ફોન પર ફોન કરવા લાગેલ ખરાબ મેસેજ તેમજ વીડિયો કોલ કરવા લાગેલ અને ધમકી આપવા લાગેલ, તેથી પીડિતા એ ૧૮૧ અભયમ ટીમની મદદ માગેલ હોય પૂરી વાત જાણી યોગ્ય કાઉન્સેલિંગ કરી કાયદાકીય માર્ગદર્શન આપેલ પીડિતા યુવક વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા ઈચ્છતા હોવાથી નજીકના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ આમ ૧૮૧ ટીમ દ્વારા પિતાની દેખરેખ માટે રાખેલ યુવકને૧૮૧ ટીમ દ્વારા કાયદા નું યોગ્ય ભાન કરાવેલ. આમ યોગ્ય સમય પર પોહચી પીડિતા નો બચાવ કરવા બદલ પીડિતા તેમજ તેમના પિતા દ્વારા ૧૮૧ ટીમ નો ખૂબ ખૂબ આભાર કરવામાં આવેલ.

# થર્ટી ફર્સ્ટ પૂર્વે દારૂના નશામાં વાહન ચલાવી નીકળેલા ૧૭ શખ્સો પોલીસની ઝપટે ચડયા

## મોરબી રોડ, ભગવતીપરા, રૈયા ચોકડી, યુનિ. રોડ, નાનામવા, ભાવનગર રોડ, જામનગર રોડ, નવાગામમાં પોલીસની વાહન ચેકીંગ ઝુંબેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

થર્ટીફર્સ્ટ પહેલાં ડ્રીંગ એન્ડ ડ્રાઈવ કરતાં ૧૭ શખ્સોને દબોચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ અને એડી.સીપી.વિધી ચૌધરીએ થર્ટીફર્સ્ટ નજીક આવતાં નશાચુર થઈ વાહનચાલકો સામે કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી શહેર પોલીસે ડ્રાઈવ હાથ ધરી હતી.જેમાં બી.ડિવીઝન પોલીસ મથકનો સ્ટાફ વાહન ચેકીંગમાં હતો. ત્યારે મોરબી રોડ વેલનાથપરા પાસે જાહેર રોડ પર હિતેષ પાલજી મકવાણા (રહે.બેડી ગામ) ભગવતીપરા મેઈન રોડ પર ઝમઝમ બેકરી પાસેથી આશુતોષ પ્રફુલ રાઠોડ (રહે.મોચી બજાર, તિલક પ્લોટ શેરી નં.૩) મોરબી



રોડ જકાતનાકા પાસેથી ભાવેશ લાખા કુગશીયા (રહે.ખોડિયાર પાર્ક શેરી નં.૧)ને પિધેલી હાલતમાં વાહન ચલાવતા દબોચ્યા હતો.

જયારે કુવાડવા રોડ પોલીસ મથકના સ્ટાફે નવાગામ જવાના રસ્તા પાસેથી રાજુ લાલબહાદુર ભગત(રહે.નવાગામ) ને તેમજ ગાંધીગ્રામ પોલીસે રૈયા ચોકડી પાસેથી રફીક ઈસ્માઈલ શેખ (રહે.સદર બજાર) નગર પોલીસે નાનામવા મેઈન રોડ પરથી ચંદ્રશ ચેતન ચૌહાણ (રહે.ગૌતમનગર શેરીનં.૩) ને જયારે થોરાળા પોલીસે થોરાળા મેઈન રોડ પરથી ભરત લાભુ મેર (રહે મચ્છાનગર શેરી)મયુરનગર રાજમોતી મીલ પાછળથી પ્રકાશ જીવણ અંબાડીયા (રહે.સાગર ચોક પાસે નાનામવા રોડ) રાજમોતી મીલ પાછળથી વિવેક પ્રવિણ બોરડ (રહે.કિષ્નાપાર્ક સોમાયરી શેરીનં.૧) જયારે ગાંધીગ્રામ પોલીસે બજરંગવાડી ચોકીની સામે રોડ પરથી કિશન હસમુખ પાતાણી (રહે.કોઠારીયા) બાવક મોહન મકવાણા (રહે.બેડીગામ) યુનિવર્સિટી રોડ પરથી શૈલેષ નંદલાલ (રહે.ન્યારા પેટ્રોલપંપની પાછળ રૈયારોડ) અને ચુનારાવાડ ચોકમાંથી જીતેન્દ્ર દિનેશ ગોહેલ (રહે.રાધેશ્યામ સોસાયટી શેરીનં.૧)ને થોરાળા પોલીસે નશામાં ચુર હાલતમાં દબોચી કાર્યવાહી કરી હતી.

# મોરબીમાં પ્રેમ પ્રકરણમાં થયેલ હત્યા અને અપહરણના ગુન્હામાં ત્રણેય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકતી સેશન્સ કોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી તાલુકામાં ૨ વર્ષ પહેલા પ્રેમ સંબંધ મુદ્દે થયેલ હત્યા અને અપહરણના ગુન્હામાં ત્રણેય આરોપીઓને મોરબી સેશન્સ કોર્ટ દ્વારા નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ ફરમાવવા આવેલ છે.

બનાવની ટૂંકી હકીકત મુજબ તારીખ:૦૩/૦૫/૨૦૨૨ના રોજ આ કામના ફરિયાદી ગીતાબેન ભરતભાઇ કુબાવતના દીકરા મિતેશને આરોપી મીનાબેન બાલુભાઈ વિડજા ની દીકરી હેતવી સાથે પ્રેમસંબંધ હોય જેની જાણ આરોપીઓ પરેશભાઈ બાલુભાઈ વિડજા, ધર્મેશભાઈ બાલુભાઈ વિડજા, મીનાબેન બાલુભાઈ વિડજાને થઈ જતાં આ કામના આરોપી પરેશભાઈ એ પ્રથમ મરણજનાર સાથે મોટરસાઇકલ ભટકાડી દઈ પછાડી દઈ આરોપી ધર્મેશભાઈ પાછળથી સફેદ કલરની હ્યુન્ડાઇ આઈ.ટેન ફોરવહીલર ગાડી લઈ આવી ગાડી માથી નીચે ઉતરી મરણજનારને પરેશભાઈ તથા ધર્મેશભાઈએ હથિયારો વડે આડેધડ માર મારી પરાણે ફોરવહીલર ગાડીમાં બેશાડી સી.એન.જી ગેસના પંપ પાછળ વાડી વિસ્તારમાં લઈ જઇ મરણજનાર મિતેશને હથિયારો વડે શરીરે આડેઘડ માર મારી તેમજ મીનાબેને ઢીકા પાટુનો માર મારી મરણજનાર મિતેશને આખા શરીરે ઇજા કરી રસ્તામાં ગાડી માથી ઉતારી નાશી ગયેલ બાદમાં આ બાબતની જાણ તેના પરિવારજનોને થતાં મિતેશને સારવાર અર્થે મોરબી હોસ્પિટલે લઈ ગયેલા અને ત્યાથી વધુ સારવાર અર્થે રાજકોટ ગિરિરાજ હોસ્પિટલે લઈ ગ્યા જ્યાં મિતેશભાઈ ભરતભાઇ કુબાવતને હાજર તબીબે મૃત જાહેર કરેલ. જે બાબતની તારીખ:૦૪/૦૫/૨૦૨૨ના રોજ મરણજનાર મિતેશભાઈના માતા ગીતાબેન ભરતભાઇ કુબાવત દ્વારા મોરબી તાલુકા પો.સ્ટેમાં ત્રણેય આરોપીઓ પરેશભાઈ બાલુભાઈ વિડજા, ધર્મેશભાઈ બાલુભાઈ વિડજા, મીનાબેન બાલુભાઈ વિડજા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવેલ હતી જે ફરિયાદ અનુસંધાને મોરબી તાલુકા પોલિસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી કોર્ટ સમક્ષ રજુ કર્યા હતા અને પોલીસે રિમાન્ડ દરમિયાન આરોપીઓ પાસેથી બનાવ વખતે વાપરવામાં આવેલ વાહન, બનાવ વખતે ઉપયોગમાં લીધેલ હથિયારો આરોપીઓએ ફોરવ્હીલ ગાડી માથી કાઢી આપેલ, પહેરેલ કપડાં વિગેરેનો મુદ્દામાલ પોલીસે કબ્જે કરવામાં આવેલ હતો ત્યારબાદ આરોપીઓને જેલ હવાલે કરવામાં આવેલ હતા ત્યારબાદ હાલનો કેસ મોરબીની એડી.સેશન્સ કોર્ટમાં ચાલી જતાં બનાવ નજરે જોનાર સાહેદો, ગુજરનારના ભાઈની જુબાની, વિવિધ પંચનામાં ના પંચો, તથા તપાસ કરનાર અધિકારી વિગેરે ની જુબાની નોંધ્યા બાદ તથા ફરિયાદપક્ષ અને આરોપીના વકીલ ની દલીલો સાંભળ્યા બાદ તથા આરોપી તરફે રજૂ ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓ ધ્યાને લઈ મોરબી એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા ત્રણેય આરોપીઓ પરેશભાઈ બાલુભાઈ વિડજા, ધર્મેશભાઈ બાલુભાઈ વિડજા, મીનાબેન બાલુભાઈ વિડજાને નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવેલ છે.

આ કામના ત્રણેય આરોપીઓ (૧) પરેશભાઈ બાલુભાઈ વિડજા, (૨) ધર્મેશભાઈ બાલુભાઈ વિડજા, (૩) મીનાબેન બાલુભાઈ વિડજા વતી રાજકોટના ધારાશાસ્ત્રી રૂપરાજસિંહ પરમાર, અજીતભાઇ પરમાર, હુસૈનભાઈ હેરંજા, શક્તિભાઈ ગઢવી, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, પ્રકાશભાઈ પ્રજાપતિ અને દિપકભાઇ ભાટિયા રોકાયા હતા.

# કુવાડવા રોડ પર વિદેશી દારૂના ૭૨૦ ચપલા સાથે બાળ આરોપી સહિત બેની ધરપકડ

## રૈયાધાર સ્લમ કવાર્ટરનો માથાભારે શખ્સ પાસામાં ધકેલાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે કુવાડવા રોડ પર વિદેશી દારૂની ૭૨૦ ચપલા સાથે બાળ આરોપી સહિત બે સક્ષોની પોલીસે ધરપકડ કરી છે.

અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન વન ના પી.એસ.આઇ બીવી બોરીસાગર હેડ કોસ્ટેબલ વિજેન્દ્રસિંહ તથા ધર્મરાજસિંહ તથા રવિરાજભાઈ તથા સત્યજીતસિંહ સહિતનો સ્ટાફ સામા કાંઠા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ હકીકત ના આધારે વોરંટ ઓકે પ્લીઝ રેસ્ટોરેન્ટ પાસેથી વિદેશી દારૂના ચકલા નંગ ૭૨૦ લઈને નીકળેલ રેલ નગર વિસ્તારમાં વિરેનદ્ર કનુ કરપડા અને એક બાર આરોપી ની ધરપકડ કરી રૂપિયા ૮૬ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો બંને શખ્સોની આખરી પૂછપરછ કરતા વિદેશી દારૂનો જથ્થો ઉપલેટા નો સદામ ઉર્ફે સલીમ બાબર કુરેશી અને સલીમોર પે બાબર ઈસ્માઈલ કુરેશી નામના પિતા પુત્ર એ દારૂનો જથ્થો આપ્યાની કબુલાત આપતા પોલીસે આ બંને શક્ષોની શોધ કોણે શરૂ કરી છે.



જ્યારે અન્ય બનાવમાં ડીસીપી ઝોન ટુ ના પીએસઆઇ આર એચ ઝાલા સહિતના સ્ટાફે રૈયાધાર સ્લમ ક્વાર્ટર માં રહેતો દશરથ ઉર્ફે દસ્તો ગભુ જોગરાણા નમના સક્સને દબોચી લઈ તેનો ગુનાહિત ઇતિહાસ ચેક કરી તેના પાસા ના કાગળ તૈયાર કરી તેને ભાવનગર જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.


# ઉપલેટામાં બાયોડીઝલ ભરેલ ટેન્કર સાથે ચાલકની ધરપકડ

## રાજકોટ રૂરલ એસ.ઓ.જીની ટીમને મળેલ ચોક્કસ બાતમી ના આધારે ઉપલેટા પોરબંદર હાઈવે પરથી દબોચી લઈ રૂપિયા ૧૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

ઉપલેટા પોરબંદર હાઇવે પર ઉમિયાધામ બોર્ડ નજીક રાજકોટ રૂરલ એસોજીની ટીમ વોચ ગોઠવી બાયોડીઝલ ભરેલા ટેન્કર સાથે ચાલકને દબોચી લઈ રૂપિયા ૧૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

અંગેની માહિતી મુજબ રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી ટીમના ઇન્ચાર્જ પીઆઇ બીસી મિયાત્રા હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ તથા મહેશભાઈ તથા કૌશિકભાઈ તથા જયવીર સિંહ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસથી મળી હતી કે ગેરકાયદેસર રીતે બાયોડીઝલ ભરેલું ટેન્કર ઉપલેટા થી પોરબંદર તરફ જતું



હોવાની હકીકત મળતા પોલીસે હાઇવે પર આવેલા ઉમિયાધામ બોર્ડ પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન ટેન્કર નંબર જીજે૩ વાય ૮૨૦૫ માં એક સેક્સ નીકળતા પોલીસે તેને અટકાવી પૂછપરછ કરતા પોતે આજીડેમ ચોકડી પાસે માનસરોવર પાર્ક માં રહેતો હોવાનું અને પોતાનું નામ કિશોર વિઠ્ઠલ ગલતરીકા હોવાનું જણાવતા પોલીસે ગેરકાયદેસર બાયોડીઝલનો ૧૦,૦૦૦ હ નો જથ્થો કબ્જે કરી ટેન્કર સહિત ₹૧૮,૦૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી ટેન્કરના ચાલક કિશોર ની ધરપકડ કરી ધોરણની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જૂના ગણેશનગરમાં બેભાન થઈ જતા પ્રૌઢનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા રોડ પર જુના ગણેશનગરમાં રહેતાં અને ગુજરાત ગેસ સ્ટેશનમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતાં ચંદુભાઈ સવાભાઈ ડાંગર (ઉ.વ.૫૨) ગઈકાલે તેમના રણુંજા મંદિર પાસે આવેલ સોમનાથ શેરી નં.૫ માં રહેતાં ભત્રીજા મિતેશના ઘરે પરિવારજનો સાથે બેસવા માટે ગયાં હતાં. દરમિયાન તેઓને છાતીમાં દુખાવો ઉપડતાં પરિવારજનોએ તેમને

સારવારમાં અત્રેની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતાં.જ્યાં તેઓને તપાસ માટે વાતચીત કરતાં હતાં ત્યારે હાર્ટએટેક આવતાં તેઓ બેભાન થઈ ઢળી પડ્યા હતાં. તબીબોએ તેઓને બચાવવા માટે પ્રયત્ન કરેલ પણ સારવાર કારગત ન નિવડતાં તેમનું મોત નીપજ્યું હતું.

બનાવ અંગે જાણ થતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અને તપાસમાં જાણવા મળ્યું હતું કે મૃતકને સંતાનમાં ત્રણ પુત્રી-એક પુત્ર છે. જેથી સંતાનોએ પીતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT